# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

****************************************************

1) સંસદે વિનિયોગ બિલ 2026 પસાર કર્યું - લોકસભા આજે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયની અનુદાન માંગણીઓ પર ચર્ચા - મતદાન કરશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુએઈના રાષ્ટ્રપ્રમુખ સાથે ટેલિફોનિક વાતચીતમાં પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરી.

3) એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ આજે પશ્ચિમ એશિયા માટે 50 સુનિશ્ચિત અને વિશેષ ઉડાનનું સંચાલન કરશે.

4) ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે ઇઝરાયેલના હુમલામાં સુરક્ષા વડા અલી લારીજાની અને બાસીજ ફોર્સના વડા ગુલામ રેઝા સુલેમાનીના મોતની પુષ્ટિ કરી.

5) ભારત જનજાતિ મહોત્સવ 2026 આજથી નવી દિલ્હીમાં શરૂ થશે.

6) આકર્ષી કશ્યપ, ઓર્લિયન્સ માસ્ટર્સ 2026 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સના મુખ્ય ડ્રોમાં પ્રવેશી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT

સંસદે વિનિયોગ બિલ 2026 પસાર કર્યું છે. રાજ્યસભાએ ચર્ચા પછી વિનિયોગ બિલ નીચલા ગૃહમાં પરત મોકલ્યું છે. લોકસભાએ વિનિયોગ બિલને પહેલાથી જ મંજૂરી આપી દીધી છે. આ બિલનો હેતુ નાણાકીય વર્ષ 2025-26 માટે સેવાઓ માટે ભારતના સંકલિત ભંડોળમાંથી કેટલીક વધારાની રકમની ચુકવણી અને વિનિયોગને અધિકૃત કરવાનો છે.

રાજ્યસભામાં ચર્ચાનો જવાબ આપતા, નાણામંત્રી નિર્મલા સીતારમણે ભાર મૂક્યો કે, સરકારની બજેટ પ્રક્રિયા પારદર્શક અને વાસ્તવિક છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર આર્થિક સ્થિરીકરણ ભંડોળ માટે 57 હજાર 381 કરોડ રૂપિયાથી વધુ રકમ પ્રદાન કરી રહી છે. નાણામંત્રીએ એ કહ્યું  ભારતનું અર્થતંત્ર આજે મજબૂત સ્થિતિમાં છે.

દરમિયાન લોકસભા આજે નાણાકીય વર્ષ 2026-27 માટે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયની અનુદાન માંગણીઓ પર ચર્ચા અને મતદાન કરશે. સંસદ, ગૃહ મંત્રાલય, વિદેશ મંત્રાલય અને ઉર્જા મંત્રાલયની અનુદાન માંગણીઓ પર પણ ચર્ચા અને મતદાન કરવાનું આયોજન ધરાવે છે.

ગઈકાલે લોકસભામાં રેલ્વે મંત્રાલયની ગ્રાન્ટની માંગણીઓ પર ચર્ચાનો જવાબ આપતા, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે મોદી સરકારે છેલ્લા દાયકામાં રેલ્વે ક્ષેત્રમાં મોટા ફેરફારો કર્યા છે.

BYTE: ASHWINI-RAILWAY-HEALTH

# PM-UAE-PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સંયુક્ત આરબ અમીરાત (UAE) ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વાત કરી હતી. ટેલિફોનિક વાતચીતમાં, બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ અને હોર્મુંઝ સ્ટ્રેટની સુરક્ષા અંગે ચર્ચા કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું કે તેઓ UAE પરના હુમલાઓની સખત નિંદા કરે છે. બંને નેતાઓ હોર્મુંઝ સ્ટ્રેટ દ્વારા સલામત અને અવરોધ વિના પરિવહન સુનિશ્ચિત કરવાના મહત્વ પર પણ સંમત થયા હતા.

વાતચીત દરમિયાન, પ્રધાનમંત્રીએ જણાવ્યું કે બંને દેશો આ ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા અને સ્થિરતાની ઝડપી પુનઃસ્થાપના માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. દરમિયાન, પ્રધાનમંત્રીએ UAE ના રાષ્ટ્રપતિને ઈદની આગોતરી શુભેચ્છાઓ પણ પાઠવી.

# GUJARAT UCC COMMITTEE

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ ગઈકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પોતાનો અંતિમ ડ્રાફ્ટ રિપોર્ટ સુપરત કર્યો હતો. સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વ્યાપક અભ્યાસ અને જાહેર પ્રતિસાદ એકત્રિત કર્યા પછી આ રિપોર્ટ તૈયાર કર્યો હતો.

ડ્રાફ્ટ રિપોર્ટમાં લગ્ન, છૂટાછેડા, વારસો અને દત્તક લેવા જેવા મુદ્દાઓમાં તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાનૂની માળખાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ભલામણોનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓ માટે સમાન અધિકારો અને સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. સમિતિએ ભાર મૂક્યો કે ડ્રાફ્ટ રિપોર્ટમાં રાજ્યની અનન્ય ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ ધ્યાનમાં લેવામાં આવી છે.

# MAHARASHTRA RELIGION BILL

મહારાષ્ટ્ર વિધાન પરિષદે મહારાષ્ટ્ર ધર્મ સ્વતંત્રતા બિલ, 2026 બહુમતીથી પસાર કર્યું. વિધાનસભા તેને પહેલાથી જ પસાર કરી ચૂકી છે. તેમાં છેતરપિંડી, પ્રલોભન, લગ્ન અથવા બળજબરી દ્વારા ધર્મ પરિવર્તન પર પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ છે. બિલ પર ચર્ચા દરમિયાન, ગૃહ રાજ્યમંત્રી પંકજ ભોયરે ગૃહને ખાતરી આપી કે તેનો હેતુ કોઈ ચોક્કસ ધર્મને લક્ષ્ય બનાવવાનો નથી. અને તે બધા ધર્મો પર સમાન રીતે લાગુ પડશે. તેમણે કહ્યું કે આ બિલ કોઈની ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતું નથી. ગૃહે ધ્વનિ મત દ્વારા બિલ પસાર કર્યું.

# EC-CENTRAL OBSERVERS

ચૂંટણી પંચે આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીઓ અને છ રાજ્યોમાં પેટા ચૂંટણીઓ માટે એક હજાર 111 કેન્દ્રીય નિરીક્ષકો તૈનાત કર્યા છે. પંચે જણાવ્યું કે, આમાંથી 557 સામાન્ય નિરીક્ષકો, 188 પોલીસ નિરીક્ષકો અને 366 ખર્ચ નિરીક્ષકો છે. સામાન્ય ચૂંટણીઓના

સમયપત્રકની જાહેરાત કરતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું કે, ચૂંટણી હિંસા અને પ્રલોભન મુક્ત રીતે યોજાશે, જેથી દરેક મતદાર કોઈપણ ભય વિના પોતાનો મત આપી શકશે.

## SUPREME COURT - MATERNITY LEAVE

સર્વોચ્ચ અદાલતે ફક્ત ત્રણ માસથી ઓછી ઉંમરના બાળકને દત્તક લેતી મહિલાઓ જ પ્રસૂતિ રજા મેળવવા માટે હકદાર છે તેવી જોગવાઇ ધરાવતા કાયદાને રદ કર્યો છે. અદાલતે જણાવ્યું કે દત્તક લીધેલા બાળકની ઉંમરને ધ્યાનમાં લીધા વિના, માતાને 12 અઠવાડિયાની પ્રસૂતિ રજા મળવી જોઈએ. અદાલતે કહ્યું કે પ્રસૂતિ લાભોનું રક્ષણ બાળકની ઉંમર સુધી મર્યાદિત ન હોઈ શકે. અદાલતે કેન્દ્ર સરકારને પિતૃત્વ રજાને સામાજિક સુરક્ષા લાભ તરીકે માન્યતા આપતી જોગવાઈ રજૂ કરવા પણ કહ્યું.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AIR INDIA - WEST ASIA

એર ઇન્ડિયા અને એર ઇન્ડિયા એક્સપ્રેસ આજે પશ્ચિમ એશિયા માટે 50 સુનિશ્ચિત અને વિશેષ ફ્લાઇટ્સનું સંચાલન કરશે. જેમાં 26 સુનિશ્ચિત ફ્લાઇટ્સ અને 24 વિશેષ ફ્લાઇટ્સનો સમાવેશ થાય છે. આ પગલું પશ્ચિમ એશિયામાં સંઘર્ષથી પ્રભાવિત મુસાફરોને સુવિધા આપવાના હેતુથી લેવામાં આવ્યું છે.

# EVE-WEST-ASIA-CONFLICT

પશ્ચિમ એશિયામાં સંઘર્ષમાં નોંધપાત્ર વધારો થયો છે. ઇઝરાયલી લશ્કરી અધિકારીઓએ ઈરાનના કમાન્ડ સ્ટ્રક્ચર પર મોટો હુમલો કરવાનો દાવો કર્યો છે. ઈરાને રાષ્ટ્રીય સુરક્ષા વડા અલી લારીજાની અને બાસીજ ફોર્સના વડા ગુલામ રેઝા સુલેમાની ઇઝરાયલી હુમલામાં માર્યા ગયાની પુષ્ટિ કરી છે.

28 ફેબ્રુઆરીએ આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુ પછી, લારીજાની ઈરાનના યુદ્ધ સમયના નેતા તરીકે ઉભરી આવ્યા, જે દેશના વ્યૂહાત્મક અને લશ્કરી પ્રતિભાવોનું સંકલન કરતા હતા.

દરમિયાન, ઇઝરાયલે કહ્યું કે તેણે મધ્યરાત્રિથી ઈરાની બેલિસ્ટિક મિસાઇલોને અટકાવી છે. અમેરીકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુંઝ સ્ટ્રેટને સુરક્ષિત કરવા માટે આંતરરાષ્ટ્રીય ગઠબંધનની હાકલ કરી છે.

પ્રસ્તુત છે એક અહેવાલ..

VC- VISHESH

# BHARAT- TRIBES FESTIVAL

ભારત જનજાતિ મહોત્સવ 2026 આજથી નવી દિલ્હીમાં શરૂ થશે. કેન્દ્રીય આદિવાસી બાબતોના મંત્રી જુઆલ ઓરામ દ્વારા તેનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

આ મહોત્સવમાં આદિવાસી સમુદાયોના સાંસ્કૃતિક વારસા અને ઉદ્યોગસાહસિકતાનું પ્રદર્શન કરવામાં આવશે. તેનું આયોજન સુંદર નર્સરી ખાતે ભારતીય આદિવાસી સહકારી માર્કેટિંગ વિકાસ ફેડરેશન દ્વારા કરવામાં આવ્યું છે. આ મહોત્સવ 30 માર્ચ સુધી ચાલુ રહેશે.

દેશભરના 78 વન ધન વિકાસ કેન્દ્રોમાંથી 200થી વધુ સ્ટોલ લગાવવામાં આવશે, અને 300થી વધુ આદિવાસી કારીગરો ભાગ લેશે.

# BADMINTON-ORLEANS-MASTERS

ભારતની આકર્ષી કશ્યપે બંને ક્વૉલિફાઇંગ મેચ જીતીને ઓર્લિયન્સ માસ્ટર્સ 2026 બેડમિન્ટન ટુર્નામેન્ટના મહિલા સિંગલ્સ મુખ્ય ડ્રોમાં પ્રવેશ કર્યો છે. આકર્ષીએ ક્વૉલિફાઇંગ મેચમાં શ્રીયાંશી વાલિશેટ્ટી અને તાઈપેઈની લી યુ-હુસુઆનને હરાવી મુખ્ય ડ્રોમાં પ્રવેશ કર્યો છે. પ્રથમ રાઉન્ડમાં તેનો મુકાબલો સિંગાપોરના યેઓ જિયા મીન સામે થશે.

આ સાથે કિદામ્બી શ્રીકાંત, આયુષ શેટ્ટી, માલવિકા બંસોડ, અનમોલ ખાર્બ અને તન્વી શર્મા આજે BWF સુપર 300 ટુર્નામેન્ટમાં તેમના અભિયાનની શરૂઆત કરશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હેમાંગીની સોનારા

- આજના મોટાભાગના અખબારમાં અફઘાનિસ્તાનના કાબૂલ પર થયેલા હવાઈહુમલાના સમાચાર મુખ્યશીર્ષકમાં જોવા મળી રહ્યા છે.
- સંદેશ લખે છે, પાક.ની કાબુલ પર એરસ્ટ્રાઈકમાં 400નાં મોત.
- દિવ્ય ભાસ્કર લખે છે, પાકનો કાબુલના રિહેબ સેન્ટર પર હુમલો, 400ના મોત, અફઘાને કહ્યું, જવાબ આપીશું.
- નવગુજરાત સમયે “કાબુલમાં હૉસ્પિટલ પર પાકિસ્તાનનો હવાઈ હુમલોઃ 400ના મોત, 250 ઘાયલ”ના શીર્ષક સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.
- રાજસ્થાન પત્રિકાએ તસવીર સાથે “પાક કા કાબુલ મેં કહર – અસ્પતાલ પર હમલે ને છીન લી સેંકડો જિંદગી”નું શીર્ષક આપી સમાચાર લીધા છે.